# -: પ્રેસનોટ :-

અમદાવાદ શહેરમાં ભારત સરકારના બુલેટ ટ્રેન પ્રોજેક્ટનું બાંધકામ સાબરમતી થી વટવા સુધીનું પાયલોટીંગનું કામ તથા સેગમેન્ટ લગાવવાનું કામ દિનેશચંદ્ર આર.અગ્રવાલ ઈન્ફ્રાકોન પ્રા.લી.,કંપની દ્વારા કરવામાં આવી રહેલ છે. આ કામકાજ અંતર્ગત શાહીબાગ અંડરબ્રિજ ખાતે તૈયાર થયેલ બુલેટ ટ્રેનના પીલ્લરો ઉપર સેગમેન્ટ લગાવવાની કામગીરી કરવામાં આવનાર છે. આ કામગીરી **તા.૨૩/૧/૨૦૨૬ ના કલાક ૨૦.૦૦ થી તા.૨૮/૧/૨૦૨૬ ના કલાક ૨૪.૦૦ સુધીના સમયગાળા દરમિયાન** કરવામાં આવનાર છે.

સદરહું કામકાજ દરમિયાન નીચે મુજબની વિગતે ટ્રાફિક ડાયવર્ઝન કરવામાં આવનાર છે.

| **અ.નં.** | **વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત માર્ગ** | **વૈકલ્પિક માર્ગ** |
|---|---|---|
| ૧. | શાહીબાગ અંડરબ્રીજના ત્રણેય પ્રવેશ તેમજ નિકાસ માર્ગ તા.૨૩/૧/૨૦૨૬ ના કલાક ૨૦.૦૦ થી તા.૨૮/૧/૨૦૨૬ ના કલાક ૨૪.૦૦ સુધીના સમયગાળા દરમિયાન વાહન વ્યવહારની અવર-જવર માટે બંધ રહેશે. | **૧.** દિલ્હી દરવાજા તથા સુભાષબ્રીજ ઉપરથી આવતો ટ્રાફિક કે જેને એરપોર્ટ-ગાંધીનગર તરફ જવું છે તે વાહનો સુભાષબ્રીજના છેડે શિલાલેખ ફ્લેટ થઇ રિવરફ્રન્ટનો ઉપયોગ કરી રિવરફ્રન્ટ માર્ગ ડફનાળા થઇ એરપોર્ટ તેમજ ગાંધીનગર તરફ જઇ શકાશે.<br>**૨.** એરપોર્ટ-ગાંધીનગર તરફથી આવતો ટ્રાફિક ડફનાળા રિવરફ્રન્ટનો ઉપયોગ કરી અલગ-અલગ માર્ગે જઇ શકાશે. તેમજ અસારવા,ગીરધરનગર, દિલ્હી દરવાજા, કાલુપુર તરફ જવું હોય તો શાહીબાગ થઇ મહાપ્રજ્ઞજી બ્રીજનો ઉપયોગ કરી મુખ્ય માર્ગો તરફ જઇ શકાશે.<br>**૩.** ગીરધરનગર-અસારવા તરફથી આવતો ટ્રાફિક જે જેને ગાંધીનગર,એરપોર્ટ તરફ જવાનું છે તે ટ્રાફિક શાહીબાગ થઇ અનેક્ષી, ગાયત્રી મંદીર થઇ આર્મી કેન્ટોનમેન્ટ થઇ એરપોર્ટ તેમજ ઈન્દીરાબ્રીજ ગાંધીનગર તરફ જઇ શકાશે. |

જે અંગેની તમામ નાગરિકોને જાણ કરવામાં આવે છે.

**તા.૧૯/૧/૨૦૨૬**

( નીરજ કુમાર બડગૂજર )
I/c. સંયુક્ત પોલીસ કમિશનર
ટ્રાફિક, અમદાવાદ શહેર